સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

હે માં! મોંઘવારી, તારે ખોળે ઉંઘવાની શકિત દે!
હે! આતંકદેવ! તારે ઓળે રહવાની શકિત દે!
શકિત દેજો ભારતમાતા આ નેતાઓને સ્હેવાની-
હે સત્યદેવ જુઠ્ઠે ગપગોળે ટકવાની શકિત દે!
(નૂતન વર્ષે પ્રાર્થના)

હાઈકુ

નૂતન વર્ષે-
સૌને અભિનંદન,
વંદન સહ..

સુખ-સમૃદ્ધિ
ને નિરોગી શરીર-
આપે ઈશ્વર..

('સુપ્રભાતમ્' - વાચકોને સાલમુબારક)

ચિંતન

ચિંતા જવરો મનુષ્યાણાં ક્ષુધાં નિંદ્રાં બલં હરેત ।
રુપમુત્સાહ બુદ્ધિં શ્રીં જીવિત ચ ન સંશયઃ ॥

'ચિંતા રૂપી તાવ મનુષ્યની ભૂખ-ઉંઘ-બળ-સૌંદર્ય-ઉત્સાહ, બુદ્ધિ, સમૃદ્ધિ અને સ્વયં સંપૂર્ણ જીવન અને જીવનનો આનંદ જ છીનવી લે છે એમાં જરા પણ શંકા નથી.'

ઘણા માણસોનો સ્વભાવ વહેમી-શંકા શીલ અને અવિશ્વાસુ હોય છે એવાં લોકો કોઈ પર વિશ્વાસ મૂકી શકતાં નથી પરિણામે ખોટી ખોટી કલ્પનાઓ કરી જાતે જ દુખી થાય છે. દા.ત. નોકર-ચાકર 'સરખું કામ નહીં કરે' એ ચિંતામાં એના પર 'નજર' ચોકી પહરો રાખવા એના પાછળ પાછળ ફરવું-કંઈ લઈ જશેની ચિંતા કરવી-એમાં જાતે જ દુખી થવાનું છે.

સંસારમાં નાનાં-મોટાં કામ આવતાં જ રહે છે. સમય એની દવા છે એના માટે ચિંતા કરવી નકામી છે. થવાનું થયા કરે છે-થઈને જ રહેવાનું છે વિધિ-વિધાતાથી ઉપર વટ જઈ આપણે ચિંતા કરનાર કોણ?

- ખરું પૂછો તો જેને ઈશ્વર પર પૂર્ણ શ્રધ્ધા નથી-સમર્પિત નથી-હું કરું હું કરું-શું કરું'ની સતત ચિંતા કરે છે એવાં લોકો જ દુખી વધારે થાય છે.

સુવિચાર

- લગા સકો તો બાગ લગાઓ, આગ લગાના ઠીક નહીં...,
  બીછા સકો તો ફૂલ બીછાઓ, શૂલ બીછાના ઠીક નહીં... - પ્રેમચંદ
- ખોટા ગણાયા જીંદગીમાં દાખલાં બધાં, માથે સફેદી આવે પછી ભાન થાય છે. - અંજુમ ઉઝયાન્વી
- શાંતિની શરૂઆત એક સ્માઈલ સાથે થાય છે - મધર ટેરેસા
- કમનસીબ વાસ્તવિકતા એ છે કે આપણે યુદ્ધ માટે તૈયારી કરીને જ શાંતિ મેળવી શકીએ છીએ - જહોન એફ. કેનેડી
- 'આ જગત બગડી ગયું છે અને તેમાં ઘોર અરાજકતા ચાલે છે' એવા નકામા વિચારો કરવાને બદલે એવી પ્રાર્થના કરતા રહો કે હે ઈશ્વર, આ જગતના લોકો પોતાની બુદ્ધિ-શકિતનો સદઉપયોગ કરે કારણ કે આ જગત સુંદર છે અને તું લોકોના મન-હૃદયને સુંદર બનાવજે. - ડો. ચંદ્રકાન્ત મહેતા
- દુનિયામાં બે પ્રકારના લોકો છે (૧) એવા લોકો જે જિંદગીના માલિક હોય છે. (૨) તેવા લોકો જેઓની જિંદગી માલિક હોય છે. - નવનિત
- 'વિચાર' એટલે વિ=વિશેષ ચાર = એટલે ચાર વખત
  ચાર વખત વિશેષ વિચાર કરીને નિર્ણય કરવો એટલે 'વિચાર' - સંત ઓગસ્ટીન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ધર્મ-જપ-તપ-પાઠ પૂજા-કથા-વાર્તા સત્સંગમાં જકડાઈ ગયો છે. સાચો ધર્મ પરોપકાર-સેવા અને દરિદ્રનારાયણની સેવામાં જ છે. આપણી આસપાસ કોઈ ભૂખ્યું-દુખ્યું ન રહે એ જોવાની-સમજવાની ચિંતા એટલે જ 'માનવ-ધર્મ'.

સ્વામી વિવેકાનંદ એક વાર પંજાબના પ્રવાસે હતા-એમને નિમંત્રણ આપનારા યુવકોએ મોટો ખર્ચ કરી એક હોલ ભાડે રાખ્યો અને મહાન સંત વિવેકાનંદના ધાર્મિક પ્રવચનનું આયોજન કર્યું.

સ્વામીજીએ બપોરે સરકારી કચેરીમાંથી અને યુવાનો-અધિકારીઓ પાસેથી એ વખતે પંજાબમાં ચાલતા દુષ્કાળની વિગતો-ક્યાં વધારે અસર છે, ક્યાં પાણીની અને ક્યાં અનાજની જરૂર છે એવા ગરીબીમાં પરેશાન ખેડૂતો-ગરીબોની વિગતો મેળવી લીધી.

સાંજે પ્રવચનમાં યુવાનોને માર્ગદર્શન આપી ક્યાં-કેવી રીતે દુષ્કાળ પિડીતોને મદદ કરી શકાય એનું લાંબુ વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાન પછી આયોજકોએ કચવાટ સાથે કહ્યું-સ્વામીજી! અમે આપની પાસેથી ધાર્મિક વ્યાખ્યાનની અપેક્ષા રાખી હતી.

સ્વામી વિવેકાનંદ કહે ભૂખ્યાંની સેવા કરવી એ જ મોટો ધર્મ છે. આપણા દેશનું એક કુતરું ય ભુખ્યું ન રહે તે જોવું એ જ સાચો ધર્મ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

પિતા પુત્રના સંબંધની ઘણી જાણીતી અને થોડીક અજાણી વાતોનો રસથાળ

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

પિતા અને પુત્ર વચ્ચેના સંબંધની અનેક કથાઓ આપણા પ્રાચીન સાહિત્યમાં મળે છે. પિતાના વચન ખાતર ચૌદ વર્ષનો વનવાસ વેઠનાર શ્રીરામ જેવા અવતારી પુરૂષો પણ છે અને પિતાના અહંકાર સામે બંડ પોકારનાર ભક્ત પ્રહલાદ જેવા પુત્રો પણ છે.

ઇશુ ખ્રિસ્તે કહ્યું છે કે, 'ઇશ્વર મારા પિતા છે અને હું તેમનો પુત્ર છું.' આ વિધાન ઘણું બધું સૂચવી જાય છે પિતા પુત્રરૂપે પુનર્જન્મ પામે છે.

પિતાની આજ્ઞાથી પરશુરામ પોતાનાં માતા રેણુકાનો વધ કરે છે. તેમને પિતાના સામર્થ્યમાં પૂર્ણ વિશ્વાસ છે. પિતા જમદગ્નિ પરશુરામને વચન માંગવાનું કહે છે. ત્યારે પરશુરામ તેમનાં માતાને જીવંત કરવાનું અને માતા આ વધની ઘટનાને ભૂલી જાય એવી માંગણી કરે છે. કાર્તવીર્ય અર્જુનના સૈન્યે જેમનો વધ કર્યો હતો. તેવા પિતા જમદગ્નિને પરશુરામ ખુદ જીવંત કરે છે.

આવાં વિવિધ ચમત્કારીક કથાનકોમાં સૂચિત ચમત્કારો પ્રશ્ચાત ગૂઢ રહસ્યો છુપાયેલા છે. અહીં શબ્દાર્થનું નહિ પરંતુ હેત્વાર્થોનું વિશેષ મહત્ત્વ છે.

હે, વત્સ!' પુસ્તકમાંથી પસાર થતાં ૫૪ જેટલી આવી વાતો સૃષ્ટિના આરંભથી મહાભારત કાળ સુધીના ચોપન્ન પાત્રોને પિતૃભક્ત તરીકે રજૂ કરે છે. પૌરાણિક વાઙ્મયમાં વર્ણવેલા આ પાત્રોમાં ચમત્કૃતિ અને અતિશયોક્તિનાં પણ ઘણી જગ્યાએ દર્શન થાય છે. આવા કથાનોકના ગર્ભમાં મહાન સિદ્ધાંતો છુપાયેલાં છે જે તેમની સતત મનન અને ચિંતન દ્વારા સાધકની કક્ષા અનુસાર તેના ધ્યાનમાં આવતાં જાય છે. જો કે આ એક વિહંગાલોકન માત્ર છે. અહીં બ્રહ્માથી શરૂ કરી સનકાદિ કુમારો, નારદ, સ્વાયંભુવ, મનુ, હર્દમ, દક્ષ, રૂત્ર, મરીચિ, વશિષ્ઠ, અત્રિ, અંગિરા, પુલહ, પુલસ્ત્ય, ક્રતુ, ભૃગુ, અગત્સ્ય, પુરુરવા, વૃતાસુર, માંધાતા, રોહિત, અંશુમાન, દિલીપ અને ભગીરથ તેમજ જલંધર, માર્કંડેય, પરશુરામ, અષ્ટાવક્ર, યવદ્ધીત, ભીષ્મ, કૃપાચાર્ય, ધૃષ્ટદ્યુમ્ન, ઘટોત્કચ, શુકદેવ, અભિમન્યુ, જન્મેજય, જરત્કારુની પિતૃભક્તિની વાતો આપણને જાણવા મળે છે. આ પુસ્તકમાં જે પિતૃભક્તોનો ઉલ્લેખ છે તેઓ તેમના ભૌતિક પિતા તેમજ આધ્યાત્મિક પિતા બંનેની ભક્તિમાં પાર ઉતરેલા છે. તેઓ ઇશ્વરને પામ્યા છે. આ પુસ્તકના લેખકો આમ તો સંપાદકો જ કહેવાય તેમણે પાત્રોનાં નિરૂપણમાં બુદ્ધિ અને વાણીની તેમની મર્યાદાને પણ સ્વીકારી છે. આ અંગે તેમને જે કંઇ સુઝ્યું કે સમજી શક્યા તદ્ અનુસાર તેને શબ્દ દેહ આપ્યો છે.



માતા, પિતા, ગુરૂ અને અતિથિને દેવ સમાન ગણવામાં આવ્યા છે. માતા અને માતૃભૂમિને સ્વર્ગથી પણ વિશેષ માનવામાં આવેલ છે. જન્મદાતા માતાનુંમ મહત્ત્વ સર્વોચ્ચ છે. તે નિર્વિવાદ હકીકત છે. તેમ છતાં બૌદ્ધિક દૃષ્ટિએ વિચારતાં ઇશ્વર પુરૂષ છે. તેમ જ તેમનામાંથી ઉદ્ભવેલી પ્રકૃતિ એ તેમની શક્તિ છે. આ શક્તિ જ સૃષ્ટિનું સર્જન કરે છે. પુરૂષ નિર્લેપ રહે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારતાં પરમાત્મા ઇશ્વર અંશી છે અને આત્મા એટલે કે જીવો તેમના અંશો છે. આ દૃષ્ટિએ પરમાત્મા જ માતા-પિતા બંને છે. બ્રહ્માનો પિતૃપ્રેમ અને વિષ્ણુનો પુત્રપ્રેમ આદર્શ છે. સનકાદિ કુમારો વિષ્ણુના કુલ ચોવીસ અવતારો માંહેના પ્રથમ અવતાર તરીકે ગણાય છે

જોકે જ્ઞાન પૂર્ણ છે. તે પૂર્ણતાથી જરા પણ ઓછી માહિતી કે જાણકારીનો અજ્ઞાનમાં સમાવેશ થાય છે. ઇશ્વર નિર્ગુણ-નિરાકાર છે. પરંતુ તેમને આપણે સગુણ-સાકાર બનાવીએ છીએ. કારણ કે આપણએ સગુણ સાકાર છીએ. ઇશ્વરને પ્રાપ્ત કરવા માટે આપણે તેમને પ્રથમ તો સગુણ-સાકાર બનાવવા પડે છે.

રામકૃષ્ણ પરમહંસ મહાકાલી માતાના અનન્ય ભક્ત હતા. તેમના જીવનના અંત પૂર્વે બહુ થોડા સમય પૂર્વે જ તેઓ પરમેશ્વરના સગુણ-સાકાર સ્વરૂપને તજવા તેમના અંતિમ ગુરૂ તોતાપુરીની મદદથી શક્તિમાન બનવા હતા. શિવને શિવ બનીને જ પામી શકાય છે. તે આખરી મંઝિલ છે. પરમાત્માને પામવા તેમને સગુણ - સાકાર રૂપે ભજી આનર્ગણ પ્રેમ પ્રદાન કરી અને આમ એક પછી એક સોપાનો સર કરતા રહી અનેક જન્મોમોમાંથી પસાર થવું પડે છે.

આવી રહેલ પેઢી ભારતીય સંસ્કારો અને તેના ઉચ્ચ આદર્શો પ્રતિ દૃષ્ટિપાત કરવા પ્રેરાય અને આપણો આ અમુલ્ય વારસો, નવીં પેઢી જાળવી રાખે તથા તેમના મહત્ત્વ-મર્મને સમજે તે માટે આવા ચરિત્ર ચિત્રણો ખુબ જ આવશ્યક છે. અને આ પુસ્તકના લેખકોનો ઉદ્દેશ્ય પણ એજ છે. તેથી જ તેઓ એ વાત સ્વીકારે છે કે અંતરાત્મામાં વિચારો પ્રકૃતિ જ મૂકે છે. જે વિચારો પરમાત્માની પ્રસાદી છે જેને શબ્દદેહ આપવામાં તેઓ નિમિત બન્યા છે.

'હે વત્સ!' પુસ્તકના બંને સંપાદકો ડો. રાજકુમાર ટોપણદાસાણી અને પ્રો. મહેન્દ્ર ગૌદાણા. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત વિદ્વાનો છે. ડો. રાજકુમારને અધ્યાત્મ કાર્ય, સંશોધન કાર્ય, પ્રકાશન કાર્ય તેમજ ઉર્જા બચાવની જાગૃતિ માટે રાષ્ટ્રીય કક્ષાએ ૯ જેટલા એવોર્ડ અને ૨ ગોલ્ડ મેડલ મળે છે. તો પ્રો. મહેન્દ્ર મોતીચંદ ગૌહાણા કોમર્સના વિષયો ઉપરાંત આધ્યાત્મ, તત્વજ્ઞાન, ખગોળ, ઇતિહાસ, વિજ્ઞાન, કલા આદિ વિષયોમાં ખુબ અભિરૂચી ધરાવે છે અને આજીવન શિક્ષણને સમર્પિત રહ્યા છે.

પિતા પુત્રના સંબંધની ઘણી જાણીતી અને અનેક થોડી અજાણી વાતો રજૂ કરી નવી પેઢી સામે આ કથાઓ જીવન મૂલ્યોની પુનઃસ્થાપના કરે તેવી શ્રદ્ધાથી લેખકોએ અહીં તે મુકી આપી છે. હર્ષ પ્રકાશન દ્વારા પ્રગટ થયેલ આ પુસ્તકના વિક્રેતા ગૂર્જર સાહિત્ય ભવન અમદાવાદ છે. આપણે આશા રાખીએ કે આવી રહેલી પેઢી ભારતીય સંસ્કારો અને તેના ઉચ્ચ આદર્શો પ્રતિ દૃષ્ટિપાત કરવા પ્રેરાય એ શુભભાવના સાથે આ સુંદર પુસ્તકને આવકારું છું.

હે, વત્સ! (પિતા અને પુત્ર વચ્ચેના સંબધોની કથાઓ)
લેખકો - ડો. રાજકુમાર ટોપણદાસાણી અને પ્રો. એમ.એમ. ગોદાણા)
પ્રકાશક - હર્ષ પ્રકાશન, અમદાવાદ
પૃષ્ઠ - ૧૮૮, કિંમત રૂા. ૧૬૫/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

મહિલાઓના આત્મરક્ષણ માટે સમાન નાગરિક ધારો જરૂરી

હિંદુઓમાં એકપતિત્વ અને એક પત્નીત્વનો નિયમ પ્રવર્તે છે, જયારે મુસ્લિમ કાયદા પ્રમાણે મુસ્લિમ પુરૂષને એક સાથે ૪ પત્નીઓ કરવાની છૂટ છે

સૌને સાલમુબારક સાથે આજે મહિલાઓના આત્મરક્ષણ માટે સમાન નાગરિક ધારા વિશેની પ્રસિદ્ધ કાયદાવિદ્ અશ્વિનકુમાર કારિયાની પ્રસ્તુતિ...

હું રસ્તે રઝળતી વારતા
- અયના કમલેશ

ભારતના બંધારણના અનુ.૪૪થી રાજયને ભારતના સમગ્ર પ્રદેશ માટે સમાન નાગરિક ધારો (Uniform Civil Code) ઘડવાનો પ્રયત્ન કરવા આદેશ આપવામાં આવેલ છે. અનુચ્છેદ ૪૪ રાજયનીતિ માટેના માર્ગદર્શન સિદ્ધાંતો પૈકીનો એક સિદ્ધાંત સ્વરૂપનો છે. બંધારણ ઘડવૈયાઓને સ્વતંત્ર ભારતના તમામ નાગરિકોને અમુક અધિકારો પ્રદાન કરવાનું જરૂરી જણાયું હતું... આવા તમામ અધિકારીને તેમણે બંધારણ ભાગ-૩માં મૂકીને, તે ભાગને મૂળભૂત અધિકારો (Fundamantal rights) નામ આપેલ છે. આ ઉપરાંત પણ તેમને કેટલીક બાબતો મૂળભૂત અધિકારો તરીકે મૂકવાનું યોગ્ય લાગ્યું હતું. પરંતુ તે માટેના સમય પાક્યો ન હોવાથી, તેમણે તેને ભાગ-૩માં ન મૂકતા, ભાગ-૪માં 'રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' પ્રકરણમાં મૂકેલ છે. ભાગ-૪માં સમાવિષ્ટ રાજયનીતિના માર્ગજર્શક સિદ્ધાંતો નાગરિકો માટે જરૂરી હતા જ, પરંતુ સાધનોના અભાવે તે સમયે તેનો અમલ કરવાનું શક્ય ન જણાતાં અને તેથી સ્વતંત્ર ભારતનું રાજય આગળ જતાં આ સિદ્ધાંતોને પોતાની નીતિનું અંગ બનાવી, તેનો અમલ કરવાનો રાજયનો અનુચ્છેદ ૩૭માં સૂચના આપવામાં આવેલ છે. 'મૂળભૂત અધિકારો'ના કે મૂળભૂત અધિકારો ન્યાયક્ષમ (Jusiable) છે. જયારે રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે આવી દાદ માગી શકાતી નથી. એટલે કે તે ન્યાયક્ષમ નથી.

વર્તમાન સમયમાં ભારતીય કાયદાઓને મોટે ભાગ, તમામ કોમોના નાગરિકો માટે એકસરખો જ છે. જેમ કે કરારનો કાયદો, મજૂર કાયદોઓ, જમીન કાયદાઓ, ફોજદારી કાનૂનો, મિલકત કાનૂન, પર્યાવરણ કાનૂન, કરવેરા કાનૂન, બેંકને લગતા કાયદાઓ વગેરે અસંખ્ય નાના મોટા કાયદાઓ તમામ કોમો કે જાતિઓના નાગરિકોને સમાન રીતે જ લાગુ પડે છે. આવા તમામ કાયદાઓ લાગુ કરતી વખતે હિંદુ, મુસ્લિમ, શીખ, ઇસાઇનો કોઇ ભેદ રાખવામાં આવતો નથી. આમ હોવા છતાં ભારતમાં એવા કેટલાક કાયદાઓ છે કે જે લાગુ કરતી વખતે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વ. જાતિ ધ્યાનમાં રાખવામાં આવે છે અને તે જાતિ મુજબ કાયદો લાગુ કરવામાં આવે છે. પરંતુ આ તફાવત સમગ્ર કાયદાના એક સાવ નાના ભાગ જેવી કૌટુંબિક બાબતોને લગતા કાયદાઓ સંબંધમાં છે. આવી કૌટુંબિક બાબતોને લગતા કાયદાઓ સંબંધમાં છે. આવી બાબતોમાં લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, પુનર્લગ્ન, વાલીપણું, વારસાધિકાર, દત્તકવિધાન, બાળકોનો કબજો, વગેરે જેવી વૈયક્તિક અને કૌટુંબિક બાબતોનો સમાવેશ થાય છે. આજે આ તમામ બાબતો સંબંધમાં હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી વગેરે કોમોના જુદા જુદા કાયદાઓ અને રિવાજો પ્રવર્તમાન છે. આ બાબતો એક જમાનામાં જે તે કોમના ધર્મ સાથે ગાઢ રીતે વણાયેલ હોવાથી તેમના ધર્મગ્રંથોના આધારે આ તમામ વ્યવહારો ગોઠવાયેલા છે. છેક બ્રિટીશ સમયથી દરેક કોમને ઉપર્યુક્ત બાબતો માટે અલગ અલગ કાયદાઓ રચાયેલા છે. તેમાંની કેટલીક જોગવાઇઓ અસમાન અને અન્યાયકારી છે. આમ ખરી રીતે જોઇએ તો સમાન નાગરિક ધારાની માગણી સમાન કૌટુંબિક કાયદાઓ માટની છે. આમ જુદી જુદી કોમોના કાયદાઓમાં સમાનતા લાવવાની માગણી માત્ર કૌટુંબિક બાબતો પુરતી મર્યાદિત સમજવાની છે. કારણ કે ઉપર્યુક્ત બાબતો સિવાય સમગ્ર ભારતીય કાયદો તમામ કોમો માટે એક સરખો જ છે.

સમાન નાગરિક ધારાનો વિચાર એટલા માટે ઉદ્ભવ્યો છે કે જુદા જુદા અંગત કે વૈયક્તિક (Personal) કાયદાઓના કેટલાક નિયમો રૂઢિચુસ્ત, અસંગત, અન્યાયકારી અને એક ગેરબંધારણીય છે. જેમ કે હિંદુઓમાં એકપતિત્વ અને એક પત્નીત્વનો નિયમ પ્રવર્તે છે. જયારે મુસ્લિમ કાયદા પ્રમાણે મુસ્લિમ કાયદામાં સ્ત્રી માટે એક પતિત્વનો નિયમ લાગુ પડે છે. પરંતુ મુસ્લિમ પુરૂષો સંબંધમાં એકપત્નીત્વ નિયમ લાગુ પડતો નથી. હિંદુ કાયદા પ્રમાણે લગ્ન વિચ્છેદ અદાલતના હુકમનામાથી, પરસ્પર સંમતિથી અથવા રિવાજ અનુસાર કરી શકાય. જયારે મુસ્લિમ કાયદા મુજબ, પતિ કોઇપણ કારણ સિવાય, પત્નીને મૌખિક તલાક આપીને છૂટી કરી શકે છે. મુસ્લિમ કાયદામાં પત્નીને મૌખિક તલાક આપવાની છૂટ નથી. હિંદુ કાયદા મુજબ પુરૂષ કે સ્ત્રી, છોકરો કે છોકરી દત્તક લઇ શકે છે. જયારે મુસ્લિમ કાનૂન, પારસી કાનૂન કે ખ્રિસ્તી કાનૂનમાં કોઇ બાળક દત્તક લેવા માટે જોગવાઇનો અભાવ છે. આમ લગ્ન, લગ્ન વિચ્છેદ, દત્તક વિધાન, સગીરાવસ્થા, વાલીપણું, વારસાધિકાર, વગેરે બાબતમાં વૈયક્તિક કાયદાઓની જોગવાઇઓ અલગ અલગ છે. તેથી તેમની વચ્ચે ઘણીવાર વિસંગતતા ઉત્પન્ન થાય છે. તેનાથી મૂળભૂત અધિકારોનો ભંગ થતો પણ જોવા મળે છે.

જેવી રીતે જુદા જુદા ધર્મોના લોકોનો કરાર, મિલકત, અપકૃત્ય, જમીન, અપરાધ, પર્યાવરણ, પર્યાવરણ બાબતમાં ભારતમાં એક જ કાયદો બધાને સમાન રીતે લાગું પડે છે, તે જ રીતે વૈયક્તિક કાયદાઓની બાબતમાં પણ સમાન નાગરિક ધારાનો ખ્યાલ પ્રવર્તમાન છે. આ સમાન નાગરિક ધારો વૈયક્તિક કાયદાની બાબતોને જ સ્પર્શતો હશે અને તેનાથી અલગ વૈયક્તિક કાનૂનની ઉત્પન્ન થતી વિસંગતતાઓ ટાળી શકાશે. સમાન નાગરિક ધારો તમામ કોમોને સમાન રીતે લાગુ પાડવામાં આવશે, અને માત્ર ધર્મનાં કારણે કોઇને પણ છૂટછાટ આપવામાં આવશે નહીં જેમ કે સમાન નાગરિક ધારામાં એક પતિત્વ કે એકપત્નીત્વનો નિયમ હોય, તો હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વ. દરેક માટે એકસરખો નિયમ રહેશે. જો સમાન નાગરિક ધારામાં દત્તકવિધાન (Adoption) ની જોગવાઇ હોય, તો તે પણ દરેક કામ માટે સરખી હશે. પતિપત્ની વચ્ચે સંબંધોનું નિયમન, મિલકતના વારસો, દત્તકવિધાન, લગ્ન વિગેરે જેવી બાબતો માટે સમગ્ર ભારતમાં સમાન નાગરિક ધારાની એકસરખો જ નિયમ પ્રવર્તતો હશે. આવો કોઇ નિયમ યહુદીઓ, ખ્રિસ્તીઓ, મુસ્લિમો કે હિંદુઓ માટે અલગ હોઇ શકે નહીં.

પોતાના મોટા પુત્રના આવા વચન સાંભળી, અરજને ખૂબ જ સંતોષ છે અને ત્રણેક દિવસ પછી આ ફાની દુનિયાથી દુર દુર ઇશ્વરના દરબારમાં જતો રહે છે, હવે નાના-ભાઇ બહેનને સંભાળવાની જવાબદારી ચંદુ ઉપર આવી જાય છે

સમયનો તકાજો
લઘુકથા
- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના ગઢડા ગામમાં અરજન ગામાની સહકારી બેંકમાં પટ્ટાવાળા તરીકે કામ કરે છે. ઘરેથી પાંચ વર્ષ પહેલાં તેમનાં ધર્પત્નીનું અવસાન થતું હોય છે. તેથી બાળકોને ઉછેરવાની મા તથા બાપની જવાબદારી અરજન સંભાળી રહ્યો છે, મોટો દીકરો ચંદુ આઠ ધોરણ સુધી ભણેલો છે, ગામમાં થોડું ઘણું નામ કરી બાપાને આર્થિક મદદ કરે છે. તે અઢાર વર્ષનો છે. તેનાથી નાની બહેન પંદર વર્ષની અને નાનો ભાઇ બકો બાર વર્ષનો છે. કુટુંબના બધાં જ સભ્યો, એક જ ભાવનાથી સાથે રહે છે. અપૂરતું પોષણ તથા આર્થિક મુશ્કેલીને લીધે, અરજન મહારોગમાં સપડ્યો હોય છે. તેથી વહેલા મોડા જવું પડશે. તે ભયથી એક દિવસ પોતાના મોટા દીકરા ચંદુને પાસે બેસાડી કહે છે કે, તમને મોટા કરવામાં મે, મા તથા બાપાની જવાબદારી અદા કરી છે, હવે મારા શરીરનો કોઇ ભરોસો નથી, ક્યારે પડશે તેમ પણ કહી શકાય નહિ તેથી તું મને વચન આપ કે તારા નાના ભાઇ બહેનને મારી જેમ તું સંભાળીશ. આ સાંભળી ચંદુ ખુબ જ વિશ્વાસ સાથે પોતાના બાપાને વચન આપે છે કે હું મરીશ ત્યાં સુધી મારા નાના-ભાઇબહેનને સાચવીશ, તેમને કોઇ પણ જાતની મુશ્કેલી પડે નહીં તેમ અમે સાથે રહીશું.

પોતાના મોટા પુત્રના આવા વચન સાંભળી, અરજને ખૂબ જ સંતોષ છે અને ત્રણેક દિવસ પછી આ ફાની દુનિયાથી દૂર દૂર ઇશ્વરના દરબારમાં જતો રહે છે. હવે નાના-ભાઇ બહેનને સંભાળવાની જવાબદારી ચંદુ ઉપર આવી જાય છે. વિચારે છે કે હવે આગળ શું કરવું? પરંતુ તેને માટે એક સારા સમાચાર એ છે કે તેના બાપા જે સહકારી બેંકમાં પટ્ટાવાળા તરીકે કામ કરતાં હતા તે બેન્ક હવે ચંદુ પુખ્યવયનો થતાં, તેના બાપાની પટ્ટાવાળાની જગ્યાએ નિમણૂંક આપવાનું નક્કી કરે છે અને ચંદુ હવે સહકારી બેંકમાં પટ્ટાવાળો થઇ જાય છે. તેનામાં પોતાના નાના ભાઇબહેનને સંભાળવાની તાકાત આવી જાય છે, અને નિષ્ઠાપૂર્વક તેનો અમલ કરે છે, પોતે પુખ્તવયનો થતાં, લગ્ન વિષે પણ વિચારતો નથી પરંતુ તે પહેલાં પોતાના નાનાભાઇ બહેન વિષે વિચારે છે, બહેનને પ્રથમ યોગ્ય ઘરે વળાવ્યા પછી, પોતાના નાના-ભાઇ માટે વિચારે છે તે બી.કોમ થયા પછી, ભાવનગરમાં એક ખાનગી કંપનીમાં નોકરીની શરૂઆત કરે છે, તેનું ભાવનગરના એક કુટુંબમાં લગ્નનું ગોઠવે છે.

પોતાના નાના ભાઇબહેનને યોગ્ય જગ્યાએ તેમજ તેઓ બંને પુરેપુરાં સંસારી થઇ ગયા હોવાથી, ચંદુને સંતોષ થાય છે, સમય સરકતો જાય છે અને ચંદુનો નિવૃત્ત સમય પણ આવી જાય છે. નાનાભાઇને પોતાની ફરજ સમજાય છે અને એકલાં ગામમાં ન રહેતા ભાવનગર શહેરમાં પોતાની સાથે રહેવા આગ્રહ હોવાથી, ચંદુ નવા ઘરે પ્રસ્થાન કરે છે, નાનાભાઇને ત્યાં રહેવા આવ્યાને ત્રણેક દિવસ પછી વહેલી સવારે, નાનાભાઇની વહુ ચંદુ સાંભળે તેમ પોતાના પતિને મોટેથી બોલી જણાવે છે કે મારે આવા ડોસલાંને સાચવવાના છે કે શું ? તમે નક્કી કરો કે ડોસલો જોઇએ છે કે તમારી પત્નીને ઘરે રાખવી છે? આ સાંભળી ચંદુ મનોમન ખૂબ જ દુઃખી થાય છે, પોતાના ભાઇ-બહેન માટે કરેલ સેવાનો શું આ બદલો છે? બપોર પહેલાં પોતાના ગામ તરફ જવા પ્રસ્તાન કરે છે. નાનો ભાઇ ઘણું સમજાવે છે પરંતુ ચંદુનું મન હવે માનતું નથી. પોતાની નાદુરસ્ત તબિયત હોવાથી તેમજ હોવાથી તેમ જ નાનાભાઇને ત્યાં થયેલ દુઃખદ અનુભવથી બે ત્રણ દિવસ ઘરની બહાર દેખાતો નથી. આજુબાજુના પડોશી તરફથી ખરાબ ગંધ આવ્યાની ફરિયાદ નાનાભાઇને પહોંચાડે છે. નાનોભાઇ તુરત આવી, બારણા તોડી જુએ છે તો મોટાભાઇ ચંદુને તુટેલી ભાંગેલી લાકડાંની ખુરશીમાં નિસ્તેજ હાલતમાં જૂએ છે. ઊંડાણથી તપાસ કરતાં, ત્રણએક દિવસ પહેલાં જ અવશાન થયાનું જણાય છે. નાનોભાઇ પોતાના મોટાભાઇનું "સમયનો તકાજો" ને લીધે હેરાન થયાનું જાણી હૈયાફાટ રૂદન કરે છે.